# 16. સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે !



**પ્રેમાનંદ**

**સમય : ઈ.સ. સત્તરમી સદી**

કવિવર પ્રેમાનંદ વડોદરાના વતની હતા. તેઓ ઉત્તમ કથાકાર અને માણભટ્ટ હતા. માણ ઉપર થાપ આપીને કથાને પઠન, ગાયન અને અભિનય દ્વારા રજૂ કરીને તેમની રચનાઓ તેમણે લોકસમુદાયમાં ગુંજતી કરી હતી. રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી કથાવસ્તુ-પ્રસંગો લઈને તેમણે તત્કાલીન ગુજરાતી વાતાવરણને જીવંત રીતે નિરૂપીને આખ્યાનને એક નવું જ રૂપ આપ્યું છે. 'ઓખાહરણ', 'ચંદ્રહાસ આખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' વગેરે વિવિધ રસોથી સભર આખ્યાનો આપીને તેમણે ગુજરાતી આખ્યાન-કવિતાને સમૃદ્ધ કરી છે. પાત્રાલેખન, વર્ણન, રસનિરુપણ, ભાષાકર્મ - એમ સર્વ રીતે એમનાં આખ્યાનો ગુજરાતી ભાષાની ઊંચી સંપદા - સંપત્તિ બની રહે છે. માનવસ્વભાવની વિવિધ લાગણીઓનું સરસ રીતે નિરુપણ કરવામાં તેઓ કુશળ કલાકાર છે. આખ્યાનો દ્વારા એમણે પ્રજાકીય સંસ્કારોને સાચવવાનું અને પોષવાનું કામ પણ કર્યું છે. આપણા ઉત્તમ આખ્યાનકવિ હોવાને કારણે તેઓ 'કવિ-શિરોમણિ'નું માન પામ્યા છે.

ભાગવતના દશમસ્કન્ધમાં આવતી કથા પરથી પ્રેમાનંદે મૂળ કથાનકમાં ફેરફાર - ઉમેરણ કરીને રચેલું 'સુદામાચરિત્ર' જનમનરંજન અને રસનિષ્પત્તિનું સુંદર આખ્યાનકાવ્ય છે. પ્રસ્તુત કાવ્યખંડ 'સુદામાચરિત્ર'ના સાતમા કડવાનો છે. કૃતિની શરૂઆતમાં શ્રીકૃષ્ણના વૈભવનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. દ્વાર પર સુદામા આવ્યા છે એવા સમાચાર સાંભળતાં જ શ્રીકૃષ્ણ સફાળા ઊઠીને સુદામાને દોડતા મળવા જાય છે - તે પ્રસંગમાં શ્રીકૃષ્ણનું ગતિશીલ અને ભક્ત-સખાને મળવા જવાની તત્પરતાનું સુંદર ચિત્રણ કર્યું છે. પોતે દ્વારિકાના રાજા છે તે ભૂલીને દીનહીન બાલસખા - ભક્ત સુદામાને આલિંગનથી ભેટતા શ્રીકૃષ્ણનું ઉદાર, નિર્દોષ અને મૈત્રીધર્મને નિભાવતું ચરિત્ર આકર્ષક છે; તેથી આ ખંડ સખ્યભાવ અને આતિથ્યભાવનાનું ઉત્તમ કાવ્ય બની રહે છે.

સૂતા સેજ્યાએ અવિનાશ રે, આઠ પટરાણી છે પાસ રે;
રુક્મિણી તળાંસે પાય રે, શ્રીવૃંદા ઢોળે વાય રે. 1
ધર્યું દર્પણ ભદ્રાવતી નારી રે, જાંબુવતીએ ગ્રહી જલધારી રે;
યક્ષાકર્દમ સત્યા સેવે રે, કાલંદ્રી તે અગર ઉખેવે રે. 2

લક્ષ્મણા તંબોળને લાવે રે, સત્યભામા બીડી ખવરાવે રે;
હરિ પોઢ્યા હિંડોળાખાટ રે, પાસે પટરાણી છે આઠ રે. 3
બીજી સોલ સહસ્ર છે શ્યામા રે, કો હંસગતિ, ગજગામા રે;
મૃગનેણી કોઈ ચકોરી રે, કો શામલડી, કો ગોરી રે. 4
કો મુગ્ધા બાલકિશોરી રે, કો શ્યામછબીલી છોરી રે;
ખળકાવે કંકણ મોરી રે, ચપળા તે લે ચિત્ત ચોરી રે. 5
કો ચતુરા સંગત નાચે રે, તે ત્યાં રીઝવી સંગમ જાચે રે;
હરિ આગળ રહી ગુણ ગાતી રે, વસ્ત્ર બિરાજે નાના-ભાતી રે. 6
ચંગ મૃદંગ ઉપંગ ગાજે રે, શ્રીમંડળ વીણા વાજે રે,
ગાંધ્રવા કળા કો કરતી રે, ફટકે અંબર કરમાં ધરતી રે. 7
ચતુરા નવ ચૂકે ચાલ રે, હીંડે મરમે જેમ મરાલ રે;
મેનકા-ઊર્વશીની જોડ રે, તેથી રીઝ્યા શ્રીરણછોડ રે. 8
એમ થઈ રહ્યો થેઈથેઈકાર રે, રસમગ્ન છે વિશ્વાધાર રે;
એવે દાસી ધાતી આવી રે, તે નાથે પાસે બોલાવી રે. 9
બોલી સાહેલી શીશ નામી રેઃ દ્વારે દ્વિજ ઊભો છે, સ્વામી રે !'
ન હોય નારદજી અવશ્યમેવ રે, ન હોય વસિષ્ઠ ને વામદેવ રે, 10
ન હોય દુર્વાસા ને અગસ્ત્ય રે, મેં તો જોયા ઋષિ સમસ્ત રે;
ન હોય વિશ્વામિત્ર ને અત્રિ રે, નથી લાવ્યો કોની પત્રી રે. 11
દુઃખે દરિદ્ર સરખો ભાસે રે, એક તુંબીપાત્ર છે પાસે રે;
પિંગલ જટાને ભસ્મે ભરિયો રે, ક્ષુધારૂપિણી સ્ત્રીએ તે વરિયો રે; 12
શેરીએ ઊભા થોકેથોક રે, તેને જોવા મળ્યા બહુ લોક રે;
તેણે કહાવ્યું કરીને પ્રણામ રેઃ મારું સુદામો છે નામ રે. 13
જ્યારે દાસીનો બોલ સાંભળિયાં રે, ‘હેં હેં’ કરી ઊઠ્યો શામળિયો રે :
‘મારો બાળસ્નેહી સુદામો રે, હું દુઃખિયાનો વિસામો રે.’ 14
ઊઠી ધાયા જાદવરાય રે, મોજાં નવ પહેર્યાં પાય રે;
પીતાંબર ભોમ ભરાય રે, જઈ રુક્મિણી ઊંચું સાહ્ય રે. 15
આનંદે ફૂલી ઘણું કાય રે, હૃદયાભર શ્વાસ ન માય રે;
ઢળી પડે વળી બેઠા થાય રે, એક પલક તે જુગ વહી જાય રે. 16

સ્ત્રીને કહેતા ગયા ભગવાન રે : 'પૂજાથાળ કરો સાવધાન રે;

આ હું ભોગવું રાજ્યાસન રે, તે તો એ બ્રાહ્મણનું પૂન્ય રે. 17

જે નમશે એનાં ચરણ ઝાલી રે, તે સહુ-પે મુજને વહાલી રે;'

તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે, સામગ્રી પૂજાની કરતી રે. 18

કહે માંહોમાંહે વળી : 'બાઈ રે ! કેવા હશે કૃષ્ણજીના ભાઈ રે ?

જેને હશે શામળિયા-શું સ્નેહ રે, હશે કંદર્પ કોટિ તેની દેહ રે.' 19

લેઈ પૂજાના ઉપહાર રે, ઊભી રહી છે સોળ હજાર રે :

'બાઈ લોચનનું સુખ લીજે રે, આજ દિયરનું દર્શન કીજે રે.' 20

શુકજી કહે : સાંભળ રાય રે ! શામળિયોજી મળવાને જાય રે;

છબીલોજી છૂટી ચાલે રે, મૂકી દોટ તે દીનદયાલે રે. 21

સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે, છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે;

જુએ કૌતુક ચારે વર્ણ રે : ક્યાં આ વિપ્રને ક્યાં અશરણશર્ણ રે ? 22

જુએ દેવ વિમાને ચડિયા રે, પ્રભુજી ઋષિને પાયે પડિયા રે;

હરિ ઉઠાડ્યા ગ્રહી હાથે રે, ઋષિજી લીધા હૈડા સાથે રે. 23

ભુજ-બંધન વાંસા પૂઠે રે, પ્રેમ-આલિંગન નવ છૂટે રે;

પછે મુખ અન્યોઅન્ય જુએ રે, હરિનાં આંસુ ઋષિજી લુહે રે. 24

તુંબીપાત્ર ઉલાળી લીધું રે, દાસત્વ દયાળજીએ કીધું રે:

'તમે પાવન કીધું આ ગામ રે, હવે પવિત્ર કરો મમ ધામ રે.' 25

જોઈ હાસ કરે સહુ નારી રે : 'આ શી રૂડી મિત્રાચારી રે !'

ઘણું વાંકાબોલી સત્યભામા રે : 'આ શા ફૂટડા મિત્ર સુદામા રે ! 26

હરિ આને ઊઠી શું ધાયા રે ? ભલી નાનપણાની માયા રે !

ભલી જોવા સરખી જોડી રે, હરિને સોંધો, આને રાખોડી રે ! 27

જો બાળક બહાર નીસરશે રે, તો તો જોઈ કાકાને છળશે રે.'

તવ બોલ્યાં રુક્મિણી રાણી રે: 'તમે બોલો છો શું જાણી રે ? 28

**વલણ**

શું બોલો છો વિસ્મે થઈ ? હરિભક્તને ઓળખો નહીં.'

બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાય હરિ ઊભા રહી. 29

**('સુદામાચરિત્ર'માંથી)**

## ● ટિપ્પણ

**સેજ્યા** સેજ, શય્યા, પથારી **તળાંસવું** ધીમે - ધીમે ચંપી કરવી **યક્ષકર્દમ** કસ્તૂરી, કેસર, ચંદન, રક્તચંદન, અંબર, અગર, બરાસ અને સોનાના વરખને પીસી - ઘૂંટીને તૈયાર કરેલો લેપ **સેવવું** (અહીં) લગાવવું, ચોપડવું **ઉખેવવું** ઉખેડવું, કાઢી નાખવું **બીડી** બીડીને - વાળીને **ખળકાવવું** રણકારભર્યો અવાજ કરવો **ચતુરા** ચતુર સ્ત્રી **જાચવું** માગવું **નાના-ભાતી** વિવિધ પ્રકારનાં **ચંગ** મુખેથી વગાડવાનું વાજું **મૃદંગ** બંને બાજુ વગાડી શકાય એવું ઢોલક જેવું એક વાદ્ય **ઉપંગ** એક પ્રકારનું વાદ્ય **શ્રીમંડળ વીણા** એક પ્રકારનું તંતુવાદ્ય-વીણા **ગાંધ્રવી** ગંધર્વની, સ્વર્ગના ગવૈયાની **અંબર** વસ્ત્ર **મરાલ** હંસ **રસમગ્ન** રસમાં ડૂબેલું **દ્વિજ** બ્રાહ્મણ **અવશ્યમેવ** નક્કી જ **પત્રી** પત્ર, કાગળ **પિંગલ** લાલાશ પડતા પીળા રંગનું **થોકેથોક** મોટા જથ્થામાં, ટોળાબંધ **સહુયે** સૌથી વધારે **માંહોમાંહે** અંદર - અંદર **ધાવું** દોડવું **કંદર્પ** કામદેવ **ઉપહાર** ભેટ (અહીં) પૂજાની સામગ્રી **લોચનનું સુખ** જોવાનો આનંદ **છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે** શ્રાવણ માસમાં છાપરાનાં નેવાંથી થતી વરસાદના પાણીની ધારની જેમ આંસુ વહેવા લાગ્યાં. **કૌતુક** (અહીં) વિસ્મયભર્યું દૃશ્ય **વિપ્ર** બ્રાહ્મણ **અશરણશર્ણ** જેનો કોઇ આધાર ન હોય તેનો આધાર, પરમેશ્વર **પ્રેમ-આલિંગન** પ્રેમભર્યું આલિંગન (ભેટવું તે) **તુંબીપાત્ર ઉલાળી લીધું** ઉલાળા સાથે હાથમાંથી તુંબડી લઈ લીધી. **વાંકાબોલી** કટાક્ષમાં બોલનારી **ફૂટડું** સુંદર **સોંધો** સુગંધભર્યો લેપ **છળવું** બીકથી ચમકી જવું.

## ● ભાષાસજ્જતા

### ● દ્વિરુક્ત પ્રયોગો :

'દ્વિ' એટલે બે અને 'ઉક્ત' એટલે બોલાયેલું તે. 'દ્વિરુક્ત' એટલે જે બે વખત બોલાય છે તે.

**જેમ કે,** - ઠેર ઠેર, ગરમ ગરમ, લાડુ બાડુ, ગલ્લાંતલ્લાં, ચોપડીબોપડી, પેનબેન, ભજનબજન, ગીતબીત, દોડાદોડી, ગાળાગાળી.

### 1. સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો :

'ઘેરઘેર', 'માંડમાંડ', 'મનમાંમનમાં', 'પાંચપાંચ', જેવા શબ્દપ્રયોગોમાં એક નું એક રૂપ સમગ્ર રૂપમાં બેવડાય છે. આવા પ્રયોગો સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો કહેવાય.

### 2. અમુક અંશના લોપવાળી દ્વિરુકિત

કેટલાક દ્વિરુક્ત પ્રયોગોમાં એક નું એક રૂપ બેવડાતું હોય પણ એમાંથી કોઈ ધ્વનિનો લોપ થયો કહેવાય જેમકે 'આટઆટલું' એમાં 'આટલું આટલું'ને સ્થાને 'લું' ધ્વનિનો લોપ થઈને 'આટઆટલું' દ્વિરુક્ત પ્રયોગ થયો છે. દા.ત., કેટકેટલું, લાભાલાભ, લાવાલાવ વગેરે

### 3. પ્રાસતત્ત્વવાળા દ્વિરુક્ત પ્રયોગ

કેટલાક દ્વિરુક્ત પ્રયોગ પ્રાસ અર્થે પ્રયોજાયેલા હોય. એમાં બે રૂપ જોડાય ત્યારે કાં તો બંને રૂપ સાર્થક હોય, કાં તો આગળનું રૂપ સાર્થક હોય અને પાછળનું રૂપ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય અથવા તો પાછળનું રૂપ સાર્થક હોય અને આગળનું રૂપ પ્રાસ માટે પ્રયોજાતું હોય; એવી રીતની વિભિન્ન પ્રકારની દ્વિરુક્તિઓ જોવા મળે છે, જેમ કે :

બંને રૂપ સાર્થક હોય - તોડફોડ, ચડતીપડતી, આવકજાવક, ખાધુંપીધું વગેરે.

પ્રથમ રૂપ સાર્થક હોય અને બીજું માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય તેવા શબ્દો :

ઘર-બર, કાગળ-બાગળ, નળબળ, ચોપડીબોપડી વગેરે. જેમાં બીજા રૂપનો કોઈ અર્થ થતો નથી.

બીજું રૂપ સાર્થક હોય અને પ્રથમ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય તેવા શબ્દો : અંતરમંતર, આડોશીપાડોશી, આજુબાજુ વગેરે.

### 4. સંયોજકોવાળા દ્વિરુક્ત પ્રયોગો :

કેટલાક દ્વિરુક્ત પ્રયોગમાં બે રૂપ જોડાતાં હોય અને જોડાનાર તત્ત્વ તરીકે વચ્ચે સંયોજક આવે ત્યારે વિશેષ પ્રકારના દ્વિરુક્ત પ્રયોગ થાય છે. આ, એ, ઓ, અં વગેરે જેવા સંયોજકો વચ્ચે મૂકવાથી આવા પ્રયોગ થાય છે. જેમકે,

આ - હસાહસ, ગરમાગરમ, દોડાદોડી

એ - ગામેગામ, ખાધેપીધે, ચોખ્ખેચોખ્ખું

ઓ - રાતોરાત, ભારોભાર, બારોબાર

અં - ખુલ્લંખુલ્લા, દોડંદોડા, કૂદંકૂદી

### 5. સ્વરભેદ કે વ્યંજનભેદવાળા દ્વિરુક્ત પ્રયોગો :

કેટલાક પ્રયોગોમાં વચ્ચે સ્વર કે વ્યંજન દ્વારા ભેદ પાડીને દ્વિરુક્ત રચના કરવામાં આવે છે; જેમ કે સ્વરભેદ હોય એવા પ્રયોગ - થાગડથીગડ, સાફસૂફ, ઠીકઠાક

વ્યંજનભેદ હોય એવા પ્રયોગ - બોલ્યુંચાલ્યું, સખળડખળ

### ● રવાનુકારી શબ્દપ્રયોગો :

નીચેનાં વાક્યોમાં ઘાટા અક્ષરે પ્રયોજાયેલા શબ્દપ્રયોગ જુઓ.

બહુ <u>ટકટક</u> સારી નહીં.

<u>ટપટપ</u> ટેટા પડવા માંડ્યા.

<u>ઝરમર</u> <u>ઝરમર</u> વરસાદ પડે છે.

<u>ખળખળ</u> <u>ખળખળ</u> ઝરણાં વહે છે.

<u>ઝબઝબ</u> <u>ઝબઝબ</u> વીજળી ચમકે છે.

બંદૂકમાંથી <u>છનનન</u> કરતી ગોળી છૂટી.

<u>દડબડ</u> <u>દડબડ</u> દોડે ગલૂડિયું.

ઢોલનો <u>ઢમઢમ</u> અવાજ સંભળાયો ને બાળકો સૌ હાજર.

ઉપરનાં વાક્યોમાં 'ટકટક', 'ટપટપ', 'ઝરમર', 'ખળખળ', 'ઝબઝબ', 'છનનન', 'દડબડ', 'ઢમઢમ' વગેરે શબ્દપ્રયોગોમાં વિશિષ્ટ ધ્વનિરચનાથી વિશિષ્ટ અવાજ સૂચવવાનો ભાષકનો આશય સ્પષ્ટ દેખાય છે. આવી રીતે પ્રયોજાતા શબ્દપ્રયોગોને રવાનુકારી શબ્દપ્રયોગો કહેવાય છે.

'રવ' એટલે અવાજ. જે શબ્દપ્રયોગો દ્વારા અવાજનું - નાદનું તત્ત્વ પ્રગટતું હોય તેવા પ્રયોગોને રવાનુકારી પ્રયોગો કહેવાય.

## ● અભ્યાસ

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો :

1. શ્રીકૃષ્ણની પટરાણીઓ તેમની કઈ - કઈ સેવા કરતી હતી ?
2. સુદામાના આગમનની શ્રીકૃષ્ણ પર શી અસર થઈ ?
3. શ્રીકૃષ્ણ અને સુદામાના મિલનનું દશ્ય તમારા શબ્દોમાં વર્ણવો.
4. સત્યભામાએ સુદામાની કેવી રીતે મજાક કરી ?
5. શ્રીકૃષ્ણના વૈભવનું વર્ણન કરો.

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર તમારી રીતે વિચારીને લખો :

1. તમને કેવો મિત્ર ગમે ? શા માટે ?
2. તમારા ઘેર આવેલ અતિથિનું સન્માન-સ્વાગત કેવી રીતે કરવામાં આવે છે ?
3. બ્રાહ્મણને દ્વિજ શા માટે કહેવાય છે ? અન્ય કોના-કોના માટે દ્વિજ શબ્દ વપરાય છે ?
4. તમારા ઘેર આવેલ મિત્રની મહેમાનગતિ કેવી-કેવી રીતે કરશો ?

### 2. નીચેની પંક્તિઓનો ભાવાર્થ લખો :

1. પિંગલ જટાને ભસ્મે .......................... સ્ત્રીએ તે વરિયો રે.
2. આ હું ભોગવું .............................બ્રાહ્મણનું પુણ્ય રે.

### 3. નીચેનાં વાક્યોમાંથી દ્વિરુક્ત પ્રયોગ કે રવાનુકારી પ્રયોગો શોધી એમાં દશ્યના, સ્પર્શના, શ્રવણના, સ્વાદના કે ગંધના ક્યા અનુભવ અભિવ્યક્ત થાય છે તે લખો :

1. શ્રવણે સરોવરમાં ઘડો ડુબાડ્યો અને બુડબુડ અવાજ આવ્યો.
2. વર્ગમાં બહુ ગણગણાટ થાય છે.
3. મીઠાઈ હોય ત્યાં માખીઓનો બણબણાટ હોય જ.
4. મોગરાની માળાથી મઘમઘાટ થઈ ગયો.

5. તપેલીમાં ખીચડી ખદખદતી હોય છે.

6. જાહેર મિલકતની તોડફોડ કરવી તે રાષ્ટ્રીય સંપત્તિનું નુકસાન કરવા બરાબર છે.

**4. નીચેના પ્રશ્નોના તમારી રીતે વિચારીને જવાબ લખો :**

1. તમારા જીવનમાં તમને જોઈને વધારેમાં વધારે ખુશ થતા હોય એવા સંબંધી અને મિત્રોનાં નામ લખો.
2. જે પ્રસંગથી તમને સૌથી વધારે દુઃખ થયું હોય તે પ્રસંગ વિશે પાંચ વાક્યો લખો.
3. જે પ્રસંગથી તમને સૌથી વધારે આનંદ થયો હોય તે પ્રસંગ વિશે પાંચ વાક્યો લખો.
4. આ કાવ્યને વાર્તાસ્વરૂપે લખો.

## ● પ્રવૃત્તિ

- **વિચારવિસ્તાર કરો :**

  મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;
  
  સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય.

- પુસ્તકાલયમાંથી ‘સુદામાચરિત્ર’ મેળવીને ‘સુદામા-કૃષ્ણ’ના મિલનનો પ્રસંગ વર્ગમાં વાંચીને એ વિશે શિક્ષકની મદદથી ચર્ચા કરો.